# પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૧

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે પ્રયાસો કરવા અનુરોધ કરવામાં આવે છે જેને અનુલક્ષીને ગુજરાત સરકાર દ્વારા પણ હવે પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોમાં જાણકારી અને જાગૃતિ વધે તે માટે પ્રયાસો હાથ ધરાઇ રહ્યાં છે. આજે ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગ્રામ પંચાયત ખાતે ગ્રામ સેવક દિવ્યાબેન થકી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં દિવ્યાબેન દ્વારા ગ્રામજનોને વિગતવાર માહિતી આપી અને ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતર તેમજ માનવજીવ બન્નેના સ્વાસ્થ્ય માટે જરૂરી છે તેની સમજણ આપીને પ્રાકૃતિક ખેતી કરવા પર ભાર આપવા માટે જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ટીંટોડા ગ્રામ પંચાયતના તલાટી રંજનબેન ચૌધરી તથા ગામના અગ્રણીઓ મુકેશજી ઠાકોર, શૈલેન્દ્રસિંહ ઠાકોર, કલાજી ઠાકોર, અજમલજી ઠાકોર, ગોવિંદજી ઠાકોર અને ગ્રામ પંચાયતના નટુજી ઠાકોર સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# જુનિયર કલાર્કની પરીક્ષા રાજ્યના ૧,૧૮૧ કેન્દ્રો પર યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ઉમેદવારો માટે તેમના કોલ લેટર ડાઉનલોડ કરવાની વ્યવસ્થા કરાઇ ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા આગામી તારીખ ૯મી એપ્રિલે જુનિયર કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા માટે ઉમેદવારોના કોલલેટર આજથી બપોરે ૧ વાગ્યાથી ડાઉનલોડ કરવા માટેના સમાચાર પસંદગી બોર્ડના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ જુનિયર કલાર્કની પરીક્ષા રાજ્યના ૧,૧૮૧ કેન્દ્રો પર યોજાશે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વિટ કરીને જાણ કરી હતી કે તા. ૩૧મી માર્ચથી જુનિયર કલાર્ક પરીક્ષા માટે ઉમેદવારો તેમના કોલલેટર ડાઉનલોડ કરી શકશે જેમાં બપોરે ૧ વાગ્યાથી જુનિયર ક્લાર્કના કોલ લેટર ડાઉનલોડ થઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે અગાઉ આ પરીક્ષા રદ થયા બાદ ફરી પરીક્ષા લેવાની જવાબદારી ઈન્ચાર્જ અધ્યક્ષ હસમુખ પટેલને સોપવામાં આવી છે. રાજ્યમાં કુલ ૧,૧૮૧ પરીક્ષા કેન્દ્રો પરથી જુનિયર કલાર્કની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૯મી એપ્રિલે યોજાનાર જુનિયર ક્લાર્કની આ પરીક્ષાના કોલલેટર આજથી ડાઉનલોડ કરવા બોર્ડ દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# બોરીજ સરકારી શાળામાં ક્વિઝ સાથે જ્ઞાન કેળવણી કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૩૧

બોરીજ સરકારી શાળા ખાતે **ARC foundation** દ્વારા દત્તક લીધેલા ૪૦ જેટલા બાળકો માટે ક્વિઝ સાથે જ્ઞાન અને કેળવણીના કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. સાથે સાથે મિનિસ્ટરી ઓફ કલ્ચરની " હર દિલ ધ્યાન, હર દિન ધ્યાન " મૂવમેન્ટ અંતર્ગત હાર્ટફૂલનેસ ધ્યાન કેન્દ્ર ના સહયોગથી શિક્ષકો તેમજ બોરિજ ગામની મહિલાઓ માટે ધ્યાનનો એક વિશેષ કાર્યક્રમ યોજાઇ ગયો ત્યારબાદ રામનવમી ના સંદર્ભે રામચરિત માનસનું પૂજન અને આરતી નો વિશિષ્ઠ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, **ARC Foundation** ના મેનેજીંગ ટ્રસ્ટી અને એરફોર્સના પુર્વ વિંગ કમાન્ડર શ્રી ધર્મેન્દ્ર શર્મા, શાળાના આચાર્ય શ્રીમતી કાશ્મીરાબેન વ્યાસ, એરફોર્સના ગ્રુપ કેપ્ટન શ્રી મિલિન્દ દેશપાંડે, કડી-**MSW** ના ડાયરેકટર શ્રી ઉમેશ કોહેલો, નિવૃત જોઈન્ટ સેક્રેટરી શ્રી જસવંત ગાંધી,નિવૃત ટીડીઓ શ્રીમતી શારદાબેન ચાવડા, ગાંધીનગર રાજપૂત કરની સેનાના પ્રમુખ શ્રીમતી વીણાબેન ઝાલા, હર્ટફૂલનેસ રીસેપ્ટર્સ શ્રી હસમુખભાઈ, અમ્રિતાબેન ત્રિવેદી, **NDS** ગ્રીન ડોકટર શ્રી રાજેશભાઇ પટેલ, નિ.શિક્ષક શ્રીમતી કુસુમબેન જોશી, તેમજ બોરીજ ગામના આગેવાનો હાજર રહ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમનું સુંદર સંચાલન **ARC Foundation** ના પ્રોજેક્ટ કોર્ડીનેટર શ્રી યુગ ચાવડાએ કર્યું હતું જ્યારે કડી **MSW** ના વિદ્યાર્થીઓએ કાર્યકર્મ સફળ કરવા જેહમત લીધી હતી.

# આજથી સે. ૨૧માં પેટ્રોલ પંપે રોકડાં નાણાં નહીં ચાલે..!!!

## "ગુડ ગવર્નન્સ"ને પગલે પેટ્રોલ, ડિઝલ તથા સીએનજી માટે સંપૂર્ણપણે ડિજિટલ પેમેન્ટ જ સ્વિકારાશે




ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતેના સરકારી પેટ્રોલ કલ્પતરુ ફીલિંગ સ્ટેશન ખાતે એક બેનર લગાડવામાં આવી છે જેમાં લખ્યું છે કે રાજ્ય સરકારના ડિજીટલ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે ગુડ ગવર્નન્સના ભાગરૂપે આગામી તારીખ પહેલી એપ્રિલથી પેટ્રોલ, ડિઝલ તથા સીએનજી માટે સંપૂર્ણપણે ડિજીટલ માધ્યમથી જ પેમેન્ટ સ્વીકારવામાં આવશે. રોકડ રકમથી પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં, જેનો તમામ ગ્રાહકોએ નોંધ લઈ જરૂરી સાથ સહકાર આપવો.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ સંચાલિત ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતે કલ્પતરૂ ફિલીંગ સ્ટેશન ખાતે તા.૧લી એપ્રિલથી રાજ્ય સરકારના ડિજીટલ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે ગુડ ગવર્નન્સના ભાગરૂપે પેટ્રોલ, ડિઝલ તથા સીએનજી ભરાવવા માટે રોકડ રકમથી પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં, ગ્રાહકોએ સંપૂર્ણપણે ડિજીટલ માધ્યમથી જ પેમેન્ટ કરવું પડશે. ડિજીટલ પેમેન્ટ માટે ગ્રાહકોને ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, ક્યુઆર કોડ, યુપીઆઇ જેવા વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પ અપનાવવો પડશે. જોકે સરકારના આ નિર્ણયથી રોકડેથી પેટ્રોલ, ડિઝલ કે સીએનજી પુરાવતા અથવા ડિજિટલ પેમેન્ટ કરવા આવડત, જાણકારી કે સુવિધા ના ધરાવતા વાહનચાલકોને શરૂઆતમાં તકલીફ પડી શકે છે. વળી, આ પેટ્રોલ પંપ પર મોટે ભાગે વાહનોની લાંબી લાઈનો જોવા મળતી હોય છે જેમાં વધારો થઈ શકે છે કેમકે ડિજિટલ પેમેન્ટમાં રોકડાં નાણાં કરતાં સમય વધુ વપરાય છે. ખાસ કરીને ઓફિસ ટાઈમ જેવા પિક અવર્સમાં લાંબી લચક લાઈનોને કારણે હાલાકી સર્જાઇ શકે છે.

# રાજ્યમાં ૧૦૯ સનદી અધિકારીઓ બદલાયા : કોની-કયાં બદલી

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| મુકેશ પુરી | એસી.એસ. કૃષિ સહકાર વિભાગ | એસી.એસ. ગૃહ વિભાગ, એમ.ડી. ન. નિ.નો વધારાનો હવાલો |
| સંજય નંદન | એમ.ડી. ગુ.રા. વેર હાઉસીંગ કોર્પો. ગાંધીનગર | ડાયરેક્ટર જનરલ ગાંધી. લેબર સંસ્થા અમદાવાદ |
| એ.કે. રાકેશ | એ.સી.એસ., સામાન્ય વ. વિભાગ, ગાંધીનગર | એ.સી.એસ. કૃષિ સહકાર વિભાગ |
| કમલ દયાણી | એ.સી.એસ., મહેસુલ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગનો વધારાનો હવાલો |
| અરૂણકુમાર સોલંકી | એ.સી.એસ., વન પર્યાવરણ વિભાગ | એમ.ડી. ગુ.વેર હાઉસીંગ કોર્પોરેશન, ગાંધી. |
| એસ.જે. હૈદર | એ.સી.એસ., શિક્ષણ વિભાગ | એ.સી.એસ. ઉદ્યોગ, ખાણ વિભાગ |
| મુકેશ કુમાર | અગ્ર સચિવ, શહેરી વિકાસ વિભાગ | અગ્ર સચિવ શિક્ષણ વિભાગ |
| રમેશચંદ્ર મીના | ડાયરેક્ટર જનરલ સ્પીપા અમદાવાદ | અગ્ર સચિવ અન્ન નાગરિક પુરવઠા વિભાગ |
| મોહમદ શાહીદ | અગ્ર સચિવ, નાગરીક પુરવઠા | ડાયરેક્ટર જનરલ સ્પીપા અમદાવાદ |
| સંજીવકુમાર | એમ.ડી., જી.એસ.પી.સી., ગાંધીનગર | અગ્ર સચિવ વન પર્યાવરણ વિભાગ |
| મીલીંદ તોરવણે | ગ્રામ વિકાસ કમિશનર, ગાંધીનગર | એમ.ડી. જી.એસ.પી.સી. |
| રૂપવંતસિંહ | કમિશનર, ખાણ ખનીજ | એમ.ડી. જી.એમ.ડી.સી. |
| ડૉ. રાહુલ ગુપ્તા | ઉદ્યોગ કમિશનર, ગાંધીનગર | ઉપાધ્યક્ષ અને એમ.ડી. જી.આઈ.ડી.સી. ગાંધીનગર |
| મીસ. મનીષા ચંદ્રા | સચિવ, નાણા વિભાગ ખર્ચ | સચિવ, પંચાયત ગ્રામ વિકાસ, ગાંધીનગર |
| બન્છાનીધીપાની | મ્યુ. કમિશનર, મ્યુ. કોર્પો. વડોદરા | કમિશનર, તકનીકી શિક્ષણ, ગાંધીનગર |
| હર્ષદકુમાર આર. પટેલ | રાહત કમિશનર, ગાંધીનગર | કમિશનર યુથ સેવા સાંસ્કૃતિક પ્ર. વિ. |
| ગાંધીનગર | | |
| આલોકકુમાર પાંડે | એમ.ડી. પ્રવાસન નિગમ ગાંધી. | સચિવ, મહેસુલ વિભાગ |
| મીસ. આદ્રા અગ્રવાલ | નિયામક, વસ્તીગણતરી | બઢતી અપાઈ |
| રવી શંકર | નિયામક, ગુ.ઉર્જા વિકાસ નિગમ | બઢતી સચિવ તરીકે, નિયામક ગુ.ઉ. વિ. નિ. વડોદરા |
| મીસ રમયા મોહન | મીશન ડાયરેક્ટર, રાષ્ટ્રીય હેલ્થ મીશન, ગાંધીનગર | બઢતીથી મીશન ડાયરેક્ટર રાષ્ટ્રીય હેલ્થ મીશન, ગાંધીનગર |
| દીલીપકુમાર રાણા | કલેક્ટર, ભૂજ-કચ્છ | મ્યુ. કમિશનર, મ્યુ. કોર્પો. વડોદરા |
| સંદીપ સાગલે | મ્યુ. કમિશનર, મ્યુ. કોર્પો. ગાંધીનગર | ઉદ્યોગ કમિશનર, ગાંધીનગર |
| એમ.એ. પંડ્યા | કલેક્ટર, દેવભૂમિ દ્વારકા | બઢતીથી, સેટલમેન્ટ કમિશનર, લેન્ડ રેકર્ડ, ગાંધીનગર |
| આર.જી. ગોરી | કલેક્ટર, ગીર સોમનાથ, વેરાવળ | બઢતીથી સચિવ શહેરી વિકાસ, ગાંધીનગર |
| ડી.એન. મોદી | નિયામક, મહિલા બાળ વિ. કમિશનર, ગાંધીનગર | બઢતી, કમિશનર બાળ વિકાસ ગાંધીનગર |
| કુ. બી.આર. દવે | કલેક્ટર, તાપી વ્યારા | સચીવ, માનવ અધીકાર આયોગ, ગાંધીનગર |
| આર.એસ. નીનામા | મુ. કારોબારી અધિકારી, ડી.સેગ. ગાંધીનગર | હાઉસીંગ કમિશનર, ગુ.હા. બોર્ડ, અમદાવાદ |
| ડૉ. ધવલકુમાર કે. પટેલ | કલેક્ટર, અમદાવાદ | કમિશનર, ખાણ-ખનીજ, ગાંધીનગર |
| સુપ્રીતસીંગ ગુલાટી ગાંધીનગર | કલેક્ટર, પાટણ | મુ.કા. અધિકારી, ડી.સેગ, |
| હીતેશ કે. કોયા | કલેક્ટર, સાબરકાંઠા | કલેક્ટર, ગાંધીનગર |
| એ.એમ. શર્મા | કલેક્ટર, પોરબંદર | કલેક્ટર, દેવભૂમી દ્વારકા |
| ડૉ. કુલદીપ આર્ય | - | અધીક ઉદ્યોગ કમિશનર, ગાંધીનગર |
| મીસ પ્રવીણા ડી.કે. | કલેક્ટર, ગાંધીનગર | કલેક્ટર, અમદાવાદ |
| બી.એ. શાહ | કલેક્ટર, બોટાદ | કલેક્ટર, જામનગર |
| એમ.આઈ. પટેલ | અધીક સચિવ, ઉર્જા પેટ્રો કેમિકલ્સ, ગાંધીનગર | કલેક્ટર, ડાંગ |
| ડી.એચ. શાહ ગાંધીનગર | ડી.ડી.ઓ., સાબરકાંઠા | એમ.ડી. ગુ.એગ્રો. કોર્પો., |
| આનંદ બી. પટેલ | કલેક્ટર, બનાસકાંઠા | મ્યુ. કમિશનર, મ્યુ. કોર્પો. રાજકોટ |
| ડૉ. નરેન્દ્રકુમાર મીણા | કલેક્ટર, અરવલ્લી | જોઈન્ટ એમ.ડી., જી.આઈ.ડી.સી., ગાંધીનગર |
| બી.જી. પ્રજાપતિ | જો.એમ.ડી., જીઆઈડીસી | સચિવ, ઉર્જા પેટ્રો કેમીકલ્સ, ગાંધીનગર |
| ડી.ડી. કાપડીયા | ડી.ડી.ઓ. તાપી | રીજ્યોનલ કમિશનર ઓફ નગરપાલિકા સુરત |
| ટી.વાય ભટ્ટ | એમ.ડી., મધ્ય ગુ.વીજ કંપની, વડોદરા | એમ.ડી., જી.આઈ.એલ., ગાંધીનગર |
| અજય પ્રકાશ | મુખ્ય પર્સનલ અધિકારી, ક.આ. પરીવાર, કલ્યાણ કચેરી, ગાંધીનગર | નિયામક, જેડા, ગાંધીનગર |
| ડૉ. સૌરભ પારધી ગાંધીનગર | કલેક્ટર, જામનગર | એમ.ડી., પ્રવાસન નિગમ, |
| સુજલ માયાત્રા | કલેક્ટર, પંચમહાલ | સં. સચિવ, મહેસુલ વિભાગ, ગાંધીનગર |
| કે.ડી. લાખાણી | ડી.ડી.ઓ., મહીસાગર | કલેક્ટર, પોરબંદર |
| હરજીભાઈ વઢવાનીયા | નિયામક, આત્મા. | કલેક્ટર, ગીર-સોમનાથ |
| અમીત અરોરા | મ્યુ. કમિશનર, રાજકોટ, મ્યુ. કોર્પોરેશન | કલેક્ટર, કચ્છ |
| ગૌરાંગભાઈ મકવાણા | કલેક્ટર અમરેલી | એમડી ઈન્ડેક્ષ-બી, ગાંધીનગર |
| ડી.ડી.જાડેજા | અધિક વિકાસ કમિ. ગાંધીનગર | ડીડીઓ, મોરબી |
| એસ.કે.મોદી | એક્ઝી.નિયામક, ગુ.રા.ના.પુ.નિ. ગાંધીનગર | રીઝીયોનલ કમિ. ઓફ નગરપાલિકા અમદાવાદ |
| એમ.કે.દવે | ડીડીઓ, ખેડા | ડીડીઓ અમદા. |
| પી.ડી.પલસાણ | ડીડીઓ-બોટાદ | એમડી-ગુ.રા.મેડી. કોર્પો.ગાંધીનગર |
| એન.એન.દવે | ખાસ ફરજ પરના અધિકારી, મુખ્યમંત્રી કાર્યાલય | કલેક્ટર-સાબરકાંઠા |
| વી.એન.શાહ | મુ.કારોબારી અધિ. ગુડા, ગાંધીનગર | ડીડીઓ-તાપી |
| એસ.કે.પ્રજાપતિ | મિશન નિયામક સ્વચ્છ ભારત મીશન ગાંધીનગર | ડીડીઓ-કચ્છભુજ |
| અરૂણ બાબુ | કલેક્ટર-રાજકોટ | એમડી-ઉ.ગુ.વીજ કંપની |
| યોગેશ નીરગુડે | નિયામક આદિજાતિ વિકાસ, ગાંધીનગર | સચિવ, લો એન્ડ ઓર્ડર, ગૃહવિભાગ |
| કે.એસ.વસાવા | નિયામક ટેકનિકલ શિક્ષણ | સં.સચિવ, રમત ગમત સાં.વિભાગ ગાંધીનગર |
| એસ.પી.ભગોરા | એમડી, ગુ.મહિલા આર્થિક આયોગ, ગાંધીનગર | રીઝીયોનલ કમિ. નગરપાલિકા વડોદરા |
| આર.એમ.ડામોર | સંયુકત સચિવ મહેસુલ વિભાગ | ડીડીઓ-ડાંગ |
| એલ.એમ.ડીંડોર | સંયુકત સચિવ, આ.પ.કલ્યાણ વિભાગ ગાંધીનગર | નિયામક, નશાબંધી આબકારી, ગાંધીનગર |
| પી.બી.પંડ્યા | સંયુકત સચિવ મહિલા બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર | નિયામક ઉચ્ચ શિક્ષણ ગાંધીનગર |
| પી.આર.રાણા | નિયામક જિ.ગ્રા.વિ. એજન્સી, ગાંધીનગર | નિયામક શાળાઓ ગાંધીનગર |
| વરુણકુમાર બરનવાલ | એમડી-પશ્ચિમ ગુ. વીજ કંપની-રાજકોટ | કલેક્ટર બનાસકાંઠા |
| મીસ પ્રસસ્તી પરીક | રીઝીયોનલ કમિ. નગરપાલિકા-વડોદરા | કલેક્ટર અરવલ્લી |
| રચીત રાજ | કલેકટર-જુનાગઢ | નિયામક, બક્ષીપંચ વેલફેર, ગાંધીનગર |
| ડો.જીનસી રોય | મુ.કારોબારી અધિ. વાસ્મો, ગાંધીનગર | કલેકટર-બોટાદ |
| પ્રભવ જોષી | એમડી, ઉ.ગુ.વીજ કંપની-મહેસાણા | કલેકટર-રાજકોટ |
| આશિષકુમાર | ના.મ્યુ.કમિ. કોર્પો રાજકોટ | કલેકટર-પંચમહાલ |
| અરવિંદકુમાર વી. | રીઝીયોનલ કમિ. નગરપાલિકા-સુરત | કલેકટર-પાટણ |
| અનિલકુમાર રાણાવાસીયા | રીઝીયોનલ કમિ. નગરપાલિકા-અમદા. | કલેકટર-જુનાગઢ |
| અજય દહીયા | રીજીયોનલ કમિ. નગરપાલિકા-ભાવનગર | કલેકટર-અમરેલી |
| એમ.જે.દવે | અધિક કલેકટર રેવન્યુ ઈન્સ્પે.કમિ. ગાંધીનગર | એમડી, પ.ગુ.વીજ કંપની-રાજકોટ |
| જે.એસ.પ્રજાપતિ | જનરલ મેનેજર, એસટી નિગમ, અમદા. | મુખ્ય કારોબારી અધિ.વુડા-વડોદરા |
| જી.એચ.સોલંકી | ના.મ્યુ.કમિ. મ્યુ.કો. ગાંધીનગર | અધિ કમિ.સેલ્સ ટેક્સ, અમદાવાદ |
| જે.એન.વાઘેલા | ના.મ્યુ.કમિ. સુરત | મ્યુનિ.કોર્પોરેશન, ગાંધીનગર |
| એચ.એમ.વોરા | ખાસ ફરજ પરના અધિ.કમિ.ટ્રાન્સ. ગાંધીનગર | ડીડીઓ-સાબરકાંઠા |
| કે.બી.ઠાકર | નિ.અધિક કલે. રાજકોટ | ડીડીઓ-પોરબંદર |
| એસ.ડી.વસાવા | સંયુ.કમિ.રીઝી. વિશ્લેષણ સમિતિ વડોદરા | એક્ઝિ.નિયામક જીએસટીડીઆરઈ આઈએસ, ગાંધી |
| સી.એમ.ત્રિવેદી | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.ગાંધીનગર | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.અમદાવાદ |
| પી.જે.ભગદેવ | ડીડીઓ-મોરબી | રીઝી. કમિ. ન.પા. ભાવનગર |
| મીસ નેહાકુમારી | ડીડીઓ-દાહોદ | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.અમદાવાદ |
| લલીત નારાયણસિંગ | નિયામક, રોજગાર તાલીમ, ગાંધીનગર | એમડી.ગુજરાત હાથશાળ નિગમ ગાંધીનગર |
| ડો.રાજેન્દ્રકુમાર પટેલ | ડીડીઓ-વડોદરા | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.સુરત |
| મીહીર પી.પટેલ | ડીડીઓ-જામનગર | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.અમદાવાદ |
| મીસ અરપીત સાગર | ડીડીઓ-નવસારી | ના.મ્યુ.કમિ. મ્યુ.કો.વડોદરા |
| મીસ ગાર્ગી જૈન | મીશન ડાયરે.ગુ.રા. બાયોટેકનોલોજી મીશન, ગાંધીનગર | નિયામક, રોજગાર તાલીમ ગાંધીનગર |
| ડો.વીપીન ગંગ | ડીડીઓ-ડાંગ | કલેકટર-તાપી |
| મીસ શાલીની દુહાન | નિયામક શાળાઓ ગાંધીનગર | ના.સચિવ શહેરી વિકાસ વિભાગ |
| ભવ્યા વર્મા | ડીડીઓ-કચ્છ | મીશન ડાયરે. સ્વચ્છ ભારત મી. ગાંધીનગર |
| તેજસ ડી.પરમાર | ના.સચિવ, શહેરી વિકાસ વિભાગ, ગાંધી. | એમડી, મધ્ય ગુ. વીજ કંપની-વડો. |
| વીકલ્પ ભારદ્વાજ | ના.સચિવ, આરોગ્ય પરિવાર કલ્યાણ વિ. | ડીડીઓ-જામનગર |
| મીસ શીવાની ગોયલ | નિયામક, જેડા, ગાંધી. | ડીડીઓ-ખેડા |
| મીસ મમતા હીરપરા | એમડી.ગુ.હાથશાળ નિગમ, ગાંધીનગર | ડીડીઓ-વડોદરા |
| મીસ પુષ્પલતા | નિયામક, મહિલા કમિ. કચેરી, ગાંધીનગર | ડીડીઓ-નવસારી |
| અક્ષયા બુદાનીયા | ખાસ કમિ. સ્વચ્છ ભારત મિશન, ગાંધી | ડીડીઓ-બોટાદ |
| ઉત્સવ ગૌતમ | મિશન નિયા. નેશનલ અર્બન લાઈવલીહુડ મીશન, ગાંધીનગર | ડીડીઓ-દાહોદ |
| મીસ જાસમીન હસરત | એમડી.ગુ.રા.ઉર્જા જનરેશન લી.સુરત | નાયબ સચિવ મહિલા બાળ વિ. |
| ચંદ્રકાંત પટેલ | મદદનીશ કલે. નર્મદા | ડીડીઓ-મહીસાગર |
| અતીરાગ ચાપલોટ | મદદનીશ કલે. ભુજ-કચ્છ | પ્રોજેકટ એડ. ટ્રાય. એરિયા સબપ્લાન, વલસાડ |
| દીપેશ કેડીઆ | મદદનીશ કલે. વઢવાણ | પ્રોજેકટ એડ. ટ્રાય. એરિયા સબપ્લાન, અરવલ્લી |
| રામનિવાસ બુગલીયા | મદદનીશ કલે. વીસનગર | પ્રોજેકટ એડ. ટ્રાય. એરિયા સબપ્લાન, સોનગઢ |